Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
અત્યંત વ્યાજબી ભાવે સેવા
સરકારની “માં” કાર્ડ યોજના હેઠળ
અનુભવી ડૉક્ટર્સ દ્વારા
જનરલ સર્જરી અને ENT સર્જરી
વિનામૂલ્યે ઓપરેશન
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ વદ સાતમ શનિવાર ૯ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૬૭

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

# સુવેન્દુ અધિકારી બંગાળના પ્રથમ ભાજપી મુખ્યમંત્રી બનશે

**ભાજપના** વિધાનસભા પક્ષના નેતા તરીકે સર્વાનુમતે ચૂંટાયા, આજે શપથવિધિમાં મોદી-અમિત શાહ હાજર રહે તેવી વકી

**તાજેતરના** સમયમાં બિહાર પછી ભાજપના પ્રથમ મુખ્યમંત્રી મેળવનાર બંગાળ બીજું રાજ્ય

કોલકાતા, તા. ૮(PTI): ભાજપના વરિષ્ઠ નેતા સુવેન્દુ અધિકારી પશ્ચિમ બંગાળના પ્રથમ ભાજપના મુખ્યમંત્રી બનશે. દાયકાઓ સુધી ભગવા રાજકારણ સામેના પ્રતિકાર બાદ રાજ્યના રાજકીય ઈતિહાસમાં આ એક સીમાચિહ્નરૂપ ક્ષણ છે.

નવનિર્વાચિત ભાજપના ધારાસભ્યો અને વરિષ્ઠ નેતાઓની બેઠક બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે જાહેરાત કરી હતી કે, અધિકારીને સર્વસંમતિથી ભાજપ વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા છે. આ સાથે જ વિધાનસભા ચૂંટણીમાં બંગાળમાં ભાજપના ભવ્ય વિજય પર સત્તાવાર મહોર મારી દેવામાં આવી છે. ચૂંટણી બાદ તરત જ, અધિકારી રાજભવન ગયા અને નવી સરકાર રચવાનો દાવો રજૂ કરવા માટે રાજ્યપાલ આર. એન. રવિ સાથે મુલાકાત કરી હતી. રાજ્યપાલે તેમને ૯ મે ના રોજ બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે મુખ્યમંત્રી તરીકે શપથ લેવા માટે આમંત્રણ આપ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ અને NDA શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપે તેવી શક્યતા છે. પાર્ટીને આશા છે કે આ કાર્યક્રમ બંગાળના રાજકીય પરિવર્તનને રેખાંકિત કરશે. પશ્ચિમ બંગાળ એવું બીજું રાજ્ય છે જ્યાં પ્રથમ વખત ભાજપના મુખ્યમંત્રી બની રહ્યા છે. ગયા મહિને, સમ્રાટ ચૌધરીએ બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા, કારણ કે તે રાજ્યમાં પ્રથમ વખત ભાજપના નેતૃત્વવાળી સરકાર બની હતી.



## કોંગ્રેસમાંથી તૃણમૂલમાં અને છેવટે ભાજપમાં: સુવેન્દુની રાજકીય કારકિર્દી

સુવેન્દુ અધિકારીએ પોતાની રાજકીય કારકિર્દી કોંગ્રેસના વિદ્યાર્થી નેતા તરીકે કરી હતી. પૂર્વ મેદિનીપુરમાં એક શક્તિશાળી રાજકીય પરિવારમાં જન્મેલા સુવેન્દુ અધિકારીએ તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત કોંગ્રેસ સાથે કરી હતી અને 1995માં કાંથી નગરપાલિકાના કાઉન્સિલર તરીકે ચૂંટાયા હતા. 1998માં મમતા બેનર્જીએ તૃણમૂલ કોંગ્રેસની સ્થાપના કરી ત્યારપછી અધિકારી પરિવાર તેમની સાથે જોડાયો હતો. તેમના પિતા શિશિર અધિકારી ત્રણ વખત સાંસદ રહી ચૂક્યા છે અને યુપીએ-2 (UPA-2) સરકાર દરમિયાન ગ્રામીણ વિકાસ રાજ્ય મંત્રી તરીકે સેવા આપી હતી. સુવેન્દુ પોતે પણ યુપીએ-1 અને યુપીએ-2 દરમિયાન બે ટર્મ સુધી સાંસદ રહ્યા હતા. તેમનો રાજકીય ઉદય 2007માં નંદીગ્રામમાં જમીન સંપાદન વિરોધી આંદોલન દરમિયાન ઝડપી બન્યો હતો, જ્યાં તેઓ ડાબેરી મોરચાની સરકાર સામેના આંદોલનના મુખ્ય ચહેરાઓ પૈકીના એક તરીકે ઉભરી આવ્યા હતા. આ આંદોલન બંગાળના રાજકારણમાં એક વળાંક સાબિત થયું અને 2011માં ડાબેરીઓના 34 વર્ષના શાસનનો અંત લાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી. ડિસેમ્બર 2020માં ભાજપમાં જોડાયા તે પહેલાં, સુવેન્દુ અધિકારીને તૃણમૂલ કોંગ્રેસમાં મમતા બેનર્જી પછીના બીજા ક્રમના સૌથી પ્રભાવશાળી નેતા માનવામાં આવતા હતા. જોકે, સંગઠનમાં મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનર્જીનો પ્રભાવ સતત વધવાને કારણે પક્ષના નેતૃત્વ સાથેના તેમના સંબંધો વણસ્યા હતા. નવેમ્બર 2020માં, અધિકારીએ મમતા સરકારમાં પરિવહન અને સિંચાઈ મંત્રી પદેથી રાજીનામું આપ્યું, જેનાથી તીવ્ર રાજકીય અટકળો શરૂ થઈ હતી. અઠવાડિયાઓ પછી, તેઓ ભાજપમાં જોડાયા જે 2021ની ચૂંટણી પહેલા શાસક TMC માટે મોટો ફટકો હતો. તેમના આ પક્ષપલટાએ બંગાળના રાજકીય લેન્ડસ્કેપને નાટ્યાત્મક રીતે બદલી નાખ્યું. જો કે ભાજપ 2021માં સરકાર બનાવવામાં નિષ્ફળ રહી અને 77 બેઠકો જીતી, પરંતુ અધિકારી વિરોધ પક્ષના નેતા તરીકે ઉભરી આવ્યા અને વિધાનસભાની અંદર અને બહાર મમતા સરકાર સામે પક્ષનો સૌથી આક્રમક અવાજ બન્યા. તેમણે ૨૦૨૧માં મમતાને નંદીગ્રામ બેઠક પરથી અને હાલમાં ભવાનીપુર બેઠક પરથી હરાવ્યા હતા.

## બ્રિગેડ ગ્રાઉન્ડમાં લાલચોળ ઈતિહાસ વચ્ચે ‘કેસરિયો’ સૂર્યોદય



**મહેમાનો** માટે ઝાલમુરી અને રસગુલ્લાના સ્ટોલ

**નવી દિલ્હી, તા. 8:** પશ્ચિમ બંગાળની નવી સરકારના શપથ ગ્રહણ સમારોહ પૂર્વે કોલકાતાના ઐતિહાસિક બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ ભવ્ય કાર્યક્રમ માટે સુરક્ષા વ્યવસ્થા સજ્જ કરવામાં આવી છે અને મોટા પાયે સ્ટેજ તેમજ બેઠક વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે. કોલકાતાના હૃદય સમાન આ મેદાન પર શનિવારે સાંજે જ્યારે ભાજપ નેતૃત્વ શપથ લેશે, ત્યારે બંગાળના રાજકીય ઈતિહાસમાં એક નવું પ્રકરણ લખાશે.

...અનુસંધાન પાના 11 પર

### ભવ્ય તૈયારીઓ અને બંગાળી સંસ્કૃતિનો સંગમ

**વોટરપ્રૂફ ડોમ:** ચોમાસાની આગાહીને જોતા મેદાનમાં ૫૦,૦૦૦ લોકો બેસી શકે તેવા વિશાળ વોટરપ્રૂફ ટેન્ટ ઉભા કરવામાં આવ્યા છે. કુલ ૧ લાખથી વધુ સમર્થકો ઉમટી પડવાની શક્યતા છે.

**સાંસ્કૃતિક રંગ:** શપથ ગ્રહણ સમારોહને માત્ર રાજકીય નહીં પણ સાંસ્કૃતિક ઓપ આપવામાં આવ્યો છે. મેદાનને ટેરાકોટા મોટિફ્સ, દક્ષિણેશ્વર મંદિરની શૈલી અને સુંદરવન થીમ આધારિત માળખાથી શણગારવામાં આવ્યું છે.

...અનુસંધાન પાના 11 પર

## હંટાવાયરસ ફાટી નિકળ્યો છે તે ક્રૂઝ શીપના બે કર્મચારીઓ ભારતીય છે

લંડન, તા. 8(PTI): જે ડચ જહાજ MV Hondius પર હન્ટાવાયરસનો પ્રકોપ જોવા મળ્યો છે, તેના ક્રૂ મેમ્બરોમાં ઓછામાં ઓછા બે ભારતીય નાગરિકો પણ સામેલ છે એમ બીબીસીના એક અહેવાલ પરથી જાણવા મળે છે. આ જહાજ પર હંટાવાયરસથી ત્રણનાં મોત થયા છે તથા આ રોગના અન્ય પાંચ કન્ફર્મ્ડ કેસ નોંધાયા છે.

ઓશનવાઈડ એક્સપિડિશન્સ દ્વારા સંચાલિત આ લક્ઝરી ક્રૂઝ શિપે 1 એપ્રિલના રોજ આર્જેન્ટિનાના ઉશુઆયાથી તેની મુસાફરી શરૂ કરી હતી અને તે 10 મેના રોજ સ્પેનના કેનેરી આઇલેન્ડ્સ પહોંચે તેવી અપેક્ષા છે. અહેવાલ અનુસાર, શરૂઆતમાં આ લક્ઝરી ક્રૂઝ પર 28 દેશોના લગભગ 150 મુસાફરો અને ક્રૂ સભ્યો સવાર હતા, પરંતુ 24 એપ્રિલના રોજ સેન્ટ હેલેના ટાપુ પર ડઝનબંધ લોકો ઉતરી ગયા હતા. ઓનબોર્ડ રહેલા 28 દેશોના નાગરિકોમાં ફિલિપાઈન્સના 38, યુકેના 31, યુએસના 23, નેધરલેન્ડના 16, સ્પેનના 14, જર્મનીના નવ, કેનેડાના છ અને ભારતના બે ક્રૂ સભ્યોનો સમાવેશ થાય છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) એ ગુરુવારે જણાવ્યું

...અનુસંધાન પાના 11 પર

## INDIA ગઠબંધનમાં ગાબડું

**DMK** અને કોંગ્રેસના ૨૦ વર્ષ જૂના સંબંધોનો અંત

**કનિમોઝીએ** અલગ બેઠક વ્યવસ્થા માટે લોકસભા સ્પીકરને લખ્યો પત્ર

**અખિલેશ** યાદવનો કોંગ્રેસ પર કટાક્ષ




**નવી દિલ્હી, તા. 8:** તામિલનાડુમાં અભિનેતા વિજયની પાર્ટી TVK (તમિલગા વેટ્રી કઝગમ)ના શાનદાર પ્રદર્શન બાદ રાજ્યના રાજકીય સમીકરણો સંપૂર્ણપણે બદલાઈ ગયા છે. કોંગ્રેસે તામિલનાડુમાં DMK નો સાથ છોડીને વિજયની પાર્ટી TVK ને સરકાર બનાવવા માટે ટેકો જાહેર કરતા દાયકાઓ જૂનું ગઠબંધન તૂટી ગયું છે.

DMK સાંસદ કનિમોઝીએ લોકસભા સ્પીકર ઓમ બિરલાને પત્ર લખીને માંગ કરી છે કે હવે DMK અને કોંગ્રેસ વચ્ચે ગઠબંધન રહ્યું ન હોવાથી તેમના સાંસદો માટે કોંગ્રેસથી અલગ બેઠક વ્યવસ્થા કરવામાં આવે. હાલમાં DMK ના ૨૨ સાંસદો કોંગ્રેસની આસપાસ બેસે છે. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે મમતા બેનર્જી અને એમ.કે. સ્ટાલિન સાથેના ફોટા સોશિયલ મીડિયા પર શેર કરી કોંગ્રેસ પર નિશાન સાધ્યું છે. તેમણે લખ્યું, “અમે એવા લોકો નથી જે મુશ્કેલ સમયમાં સાથ છોડી દઈએ.” આ પોસ્ટ દ્વારા તેમણે કોંગ્રેસની તકવાદી રાજનીતિ પર પ્રહાર કર્યો છે.

સ્ટાલિન હંમેશા રાહુલ ગાંધીને ગઠબંધનના ‘કેપ્ટન’ તરીકે જોતા હતા. હવે જ્યારે આ મજબૂત કડી તૂટી છે, ત્યારે ૨૦૨૭ની ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી અને રાષ્ટ્રીય સ્તરે વિપક્ષી એકતા સામે મોટા સવાલો ઉભા થયા છે.

## ભારત સાથેની લડાઈમાં પોતે પાકિસ્તાનને ટેકો આપ્યો હોવાની ચીનની છેવટે કબૂલાત

**ચીનની** સરકારી વિમાન નિર્માણ કંપનીના એક ઇજનેરે એક અખબારી ઇન્ટરવ્યુમાં આ ટેકનીકલ મદદની વિગતો આપી

**પાકિસ્તાનને** ટેકાના આક્ષેપો ચીની સરકાર અને લશ્કર અત્યાર સુધી નકારતા આવ્યા છે

બેઈજિંગ, તા. 8(PTI): ચીને પ્રથમ વખત સત્તાવાર રીતે સ્વીકાર્યું છે કે તેણે ગયા વર્ષે ભારત સાથેના ચાર દિવસીય સંઘર્ષ દરમિયાન પાકિસ્તાનને ઓન-સાઈટ ટેકનિકલ સહાય પૂરી પાડી હતી. અહીંના સત્તાવાર મીડિયા અહેવાલોમાં આ જાણકારી આપવામાં આવી છે.

ચીનના સરકારી બ્રોડકાસ્ટર CCTV એ ગુરુવારે એવિએશન ઈન્ડસ્ટ્રી કોર્પોરેશન ઓફ ચાઈના (AVIC)ના ચેંગડુ એરક્રાફ્ટ ડિઝાઈન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના એન્જિનિયર ઝાંગ હેંગનો ઈન્ટરવ્યુ પ્રસારિત કર્યો હતો. આ સંસ્થા ચીનના અદ્યતન ફાઈટર જેટ અને માનવરહિત હવાઈ વાહન (ડ્રોન) ડિઝાઈન કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. હોંગકોંગ સ્થિત સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટે CCTV ને ટાંકીને અહેવાલ આપ્યો છે કે, ઝાંગે ગયા મે મહિનામાં ચાર દિવસીય યુદ્ધ દરમિયાન પાકિસ્તાનને ટેકનિકલ સહાય પૂરી પાડી હતી. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાની વાયુસેના ચીન નિર્મિત J-10CE જેટ વિમાનોનો ઉપયોગ કરે છે, જે AVIC ની પેટાકંપની દ્વારા બનાવવામાં આવે છે. સપોર્ટ બેઝ પર, અમે વારંવાર ફાઈટર જેટ્સના ટેક-ઓફનો ગડગડાટ અને એર-રેડ સાયરનનો સતત અવાજ સાંભળતા હતા. મે મહિનામાં સવાર સુધીમાં તાપમાન 50 ડિગ્રી સેલ્સિયસ (122 ડિગ્રી ફેરનહીટ) સુધી પહોંચી જતું હતું. તે અમારા માટે માનસિક અને શારીરિક રીતે એક મોટી કસોટી હતી. તેમણે વધુમાં ઉમેર્યું કે તેમની ટીમને જે બાબતે પ્રોત્સાહિત કર્યા તે ઘટનાસ્થળે વધુ સારી કામગીરી કરવાની ઈચ્છા હતી જેથી તેમના સાધનો તેમની સંપૂર્ણ યુદ્ધ ક્ષમતા મુજબ પ્રદર્શન કરી શકે. ઝાંગે કહ્યું કે, તે માત્ર J-10CEની ઓળખ નહોતી; તે દિવસ-રાત સાથે મળીને કામ કરવાથી બનેલા ગાઢ સંબંધોનો પુરાવો પણ હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ચીની વિદેશ મંત્રાલય અને સૈન્ય અધિકારીઓએ સંઘર્ષ દરમિયાન પાકિસ્તાનને ચીનના સમર્થનના આરોપોને કાં તો ટાળ્યા છે અથવા તો તેને મહત્વ આપ્યું નથી. ભારતના ડેપ્યુટી ચીફ ઓફ આર્મી સ્ટાફ લેફ્ટનન્ટ જનરલ રાહુલ આર. સિંઘના દાવા પર પણ કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી ન હતી, જેમાં તેમણે અગાઉ જ જણાવી દીધું હતું કે બેઈજિંગે

...અનુસંધાન પાના 11 પર

## દેશની સરકારી ઓઈલ કંપનીઓને મહિને રૂ. ૩૦૦૦૦ કરોડનું નુકસાન

**ક્રૂડના** વૈશ્વિક ભાવ વધવા છતાં ઘરઆંગણે ઈંધણના ભાવ નહીં વધારવાથી મોટો બોજ, રોજની રૂ. ૭૦૦-૧૦૦૦ કરોડની ખોટ

**જો** આ સ્થિતિ લાંબો સમય ચાલે તો સરકારી ઓઇલ કંપનીઓને મૂડી ખર્ચના આયોજનમાં ફેરફાર જેવા પગલા ભરવા પડી શકે

**નવી દિલ્હી, તા. 8 (PTI):** ભારતની સરકારી માલિકીની ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ માર્ચથી અત્યાર સુધી ઘણુ નુકસાન વેઠ્યું છે, કારણ કે તેમણે અગાઉના તમામ સંકટો કરતાં મોટા ઉર્જા વિક્ષેપનો સામનો કરવા છતાં છૂટક ભાવ વધાર્યા વિના ઈંધણ અને એલપીજી પુરવઠો ચાલુ રાખ્યો હતો. આ ઓઈલ કંપનીઓ મહિને રૂ. ૩૦૦૦૦ કરોડનું નુકસાન વેઠી રહી છે જેમને દરરોજની રૂ. ૭૦૦ કરોડથી રૂ. ૧૦૦૦ કરોડની ખોટ જાય છે.

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOC), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) એ પશ્ચિમ એશિયાના સંઘર્ષની શરૂઆતથી, ઈનપુટ ખર્ચમાં 50 ટકાથી વધુનો ઉછાળો આવ્યો હોવા છતાં, છૂટક ભાવ વધાર્યા વિના પેટ્રોલ, ડીઝલ, એલપીજી, એવિએશન ટર્બાઈન ફ્યુઅલ અને અન્ય પેટ્રોલિયમ પેદાશોનો અવિરત પુરવઠો જાળવી રાખ્યો છે. યુદ્ધને કારણે ભારતના ઉર્જા આયાતના મુખ્ય માર્ગ એવા હોર્મુઝની સામુદ્રધુનીમાં ટ્રાફિક ખોરવાતા ગભરાટમાં થયેલી ખરીદીએ માંગમાં તીવ્ર ઉછાળો લાવી દીધો હતો અને કંપનીઓના સપ્લાય નેટવર્ક પર ભારે દબાણ ઊભું કર્યું હતું. તેમ છતાં, પુરવઠો ખૂટ્યો ન હતો કે કિંમતોમાં વધારો થયો ન હતો. આ બાબતની સીધી જાણકારી ધરાવતા સ્ત્રોતોએ જણાવ્યું હતું કે, આમ કરવાથી ત્રણેય કંપનીઓએ મળીને માર્ચના મધ્યથી ‘અંડર-રિકવરી’ (ઈનપુટ ખર્ચ અને વસૂલવામાં આવેલા છૂટક ભાવ વચ્ચેનો તફાવત) પેટે મહિને અંદાજે રૂ. 30,000 કરોડનું નુકસાન ભોગવ્યું છે. જો સરકારે પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં પ્રતિ લિટર 10 રૂપિયાનો ઘટાડો ન કર્યો હોત, તો આ નુકસાન વધીને આશરે રૂ. 62,500 કરોડ થઈ ગયું હોત.

...અનુસંધાન પાના 11 પર

## હોર્મુઝમાં ઈરાન-અમેરિકાના ગોળીબારની અડફેટે ચડેલું ગુજરાતનું જહાજ ડૂબી ગયું

**દુર્ઘટનામાં** ગુજરાતના વતની કર્મચારીનું મોત, ૧૭ ખલાસીઓને અન્ય જહાજે બચાવી લીધા

**જહાજ** દ્વારકાના સલાયાનું હતું, ઘટના સમયે દુબઇથી યમન જઇ રહ્યું હતું

**દુબઈ, પોરબંદર, તા. 8 :** ઈરાન અને અમેરિકાના નૌકાદળ વચ્ચે ગત રાત્રે હોર્મુઝ સ્ટ્રેટમાં થયેલા ગોળીબારની અડફેટમાં આવી ગયેલ ગુજરાતનું એક માલવાહક જહાજ ડૂબી ગયું છે. આ જહાજ ગુજરાતના દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયાનું હતું.

આ અકસ્માતમાં જહાજના એન્જિન રૂમમાં કામ કરી રહેલા અલ્તાફ તાલબ કેર નામના ભારતીય કર્મચારીનું મોત નીપજ્યું છે, જ્યારે બાકીના 17 કર્મચારીઓને બચાવી લેવામાં આવ્યા છે. ઈન્ડિયન સેલિંગ વેસલ્સ એસોસિએશનના જનરલ સેક્રેટરી આદમભાઈએ આ જાણકારી આપી હતી. મળતી માહિતી મુજબ માલવાહક જહાજ ‘MSV AL ફૈઝ નૂરે સુલેમાની-I’ દુબઈથી કાર્ગો લઈને યમનના મુકાલા બંદર જઈ રહ્યું હતું. જહાજ પર એક ગનમેન સહિત કુલ 18 ક્રૂ સવાર હતા. આદમભાઈના જણાવ્યા અનુસાર 7 મેની સવારે લગભગ એક વાગ્યે જહાજ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહ્યું હતું. આ દરમિયાન ઈરાન અને અમેરિકી નેવી વચ્ચે સામસામે ફાયરિંગ શરૂ થઈ ગયું. ક્રોસ ફાયરિંગમાં ગુજરાતનું આ જહાજ પણ ઝપેટમાં આવી ગયું.

ફાયરિંગથી જહાજને ભારે નુકસાન પહોંચ્યું અને તેમાં પાણી ભરાવા લાગ્યું, જેનાથી જહાજ ડૂબવા લાગ્યું. આ દરમિયાન એન્જિન રૂમમાં હાજર અલ્તાફ તાલબ કેર ગંભીર રીતે ઘાયલ થયા અને સ્થળ પર જ તેમનું મોત નીપજ્યું હતું. જહાજ ડૂબ્યા પછી ક્રૂ સભ્યોએ પોતાને બચાવવાનો પ્રયાસ શરૂ કર્યો. તે જ સમયે પસાર થઈ રહેલા અન્ય

...અનુસંધાન પાના 11 પર

### તા. ૦૮-૦૫-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૪૧.૬° સે. | ૨૭.૦° સે. | ૧૭% |